Land documentation and location

# INDIA NON JUDICIAL

## Government of Gujarat

## Certificate of Stamp Duty

SRT/3/NVG No 11667 2018

सत्यमेव जयते

| | |
|---|---|
| Certificate No. | : IN-GJ85088417530495Q |
| Certificate Issued Date | : 28-Sep-2018 12:16 PM |
| Account Reference | : SHCIL (FI)/ sh-sur01/ NANPURA/ GJ-SU |
| Unique Doc. Reference | : SUBIN-GJSH-SUR01171542382595 24Q |
| Purchased by | : MS VUNISON INFRACON LLP |
| Description of Document | : Article 20(a) Conveyance - Immovable Property |
| Property Description | : MOJE-PUNA,BLOCK NO.675/P/2,TP-12,FP-41/1,NON AGRICULTURAL LAND |
| Consideration Price (Rs.) | : 2,80,00,000 (Two Crore Eighty Lakh only) |
| First Party | : MS VUNISON INFRACON LLP |
| Second Party | : RAMJIBHAI NANJIBHAI |
| Stamp Duty Paid By | : MS VUNISON INFRACON LLP |
| Stamp Duty Amount(Rs.) | : 13,72,000 (Thirteen Lakh Seventy Two Thousand only) |

TQ 0004780261

Statutory Alert:

1. The authenticity of this Stamp Certificate should be verified at 'www.shcilestamp.com'. Any discrepancy in the details on this Certificate and as available on the website renders it invalid.
2. The onus of checking the legitimacy is on the users of the certificate.
3. In case of any discrepancy please inform the Competent Authority.

વેચાણ દસ્તાવેજ
ગામ : પુણા
બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨
ટી.પી.સ્કીમ નંબર : ૧૨
ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧
ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ : ૨૭૧૨ ચો.મી.
બીનખેતીની જમીન

તારીખ :- 28 SEP 2018
દસ્તાવેજ નં.:- 22

SRT/3/NVG
No 1 1667
2018



—:: વેચાણ દસ્તાવેજ ::—

અવેજ રૂા.૨,૮૦,૦૦,૦૦૦/—પુરાનો

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ—ડિસ્ટ્રીકટ તાલુકો પુણા, મોજે ગામ પુણા ના રેવન્યુ સર્વે નંબર : ૫૯૮/૧, જેનો બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨ થી નોંધવામાં આવેલ જમીન, જેનો ટી.પી. સ્કીમ નંબર : ૧૨ (પુણા) માં સમાવેશ થતાં, તેને ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧, ૪૧/૨ અને ૪૧/૩ ફાળવવામાં આવેલ છે તે પૈકી ફકત ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧ વાળી બીનખેતી ઉપયોગની જમીન, જેનું હાલના ફાઈનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૨૭૧૨ ચો.મી. છે, તે જમીનના બીનખેતી ઉપયોગની સંપુર્ણ પુરેપુરી જમીનનો વેચાણ દસ્તાવેજ...

આજરોજ તારીખ ૨૮ માહે સપ્ટેમ્બર સને ૨૦૧૮ ના અંગ્રેજી દિને શહેર સુરત મધ્યે..

—:: એક તરફવાળા યાને લખાવી લેનાર યાને વેચાણ રાખનારા ::—

**" મેસર્સ વિયુનિસન ઈન્ફ્રાકોન એલએલપી "**
( લીમીટેડ લાયબીટી પાર્ટનરશીપ)
ઓફીસ : એ—૧૦૦૨, શ્રીનિધી રેસીડેન્સી, બ્લોક નંબર : ૨૦૪,
મોટાવરાછા, સુરતના...
**PAN NO.: AAPFV 2126 H**

વેચાણ દસ્તાવેજ
ગામ : પુણા
બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨
ટી.પી.સ્કીમ નંબર : ૧૨
ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧
ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ : ૨૭૧૨ ચો.મી.
બીનખેતીની જમીન

SRT/3/NVG
No 1 1667 3/20
2018



જેમને અહિંયા અને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં એક તરફવાળા અને/અગર લખાવી લેનારા અને/અગર વેચાણ રાખનારા અને/અગર તમો એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દોના અર્થમાં તમો એક તરફવાળા લીમીટેડ લાયબીટી પાર્ટનરશીપ, તેના હાલના તથા વખતો વખતના ભાગીદારો, છેલ્લા હયાત ભાગીદારો, એક્ઝિક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એસાઈનીઝ, અધિકૃત પ્રતિનિધિઓ ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે તે એક તરફવાળા વેચાણ રાખનારા...

—:: જોગ લી. ::—

—:: બીજી તરફવાળા યાને લખી આપનારા યાને વેચાણ આપનારા ::—

શ્રી રામજીભાઈ નાનજીભાઈ
ઉ.વ.આ.:૬૪, ધર્મે—હિન્દુ,ધંધો—વેપાર/ખેતી,
રહે. ૩૫, સૌરાષ્ટ્ર સોસાયટી, એ.કે.રોડ (ખોડીયારનગર રોડ), સુરત.
**PAN NO.: ADGPV0288E**

જેમને અહિંયા અને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં બીજી તરફવાળા અને/અગર વેચાણ આપનારા અને/અગર અમો એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દોના અર્થમાં અમો બીજી તરફવાળા જાતે પોતે તથા અમારા વંશ, વાલી, વારસો એક્ઝિક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એસાઈનીઝ, અધિકૃત પ્રતિનિધિઓ ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે તે બીજી તરફવાળા વેચાણ આપનારા...

જત અમો બીજી તરફવાળા, તમો એક તરફવાળા વેચાણ રાખનારને આ વેચાણનો દસ્તાવેજ લખી આપી જણાવીએ છીએ કે :—

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ—ડિસ્ટ્રીકટ તાલુકો પુણા, મોજે ગામ **પુણા** ના રેવન્યુ સર્વે નંબર : ૫૯૮/૧, જેનો બ્લોક નંબર : **૬૭૫/પૈકી ૨** થી નોંધવામાં આવેલ જમીન, જેનો **ટી.પી. સ્કીમ નંબર : ૧૨ (પુણા)** માં સમાવેશ થતાં, તેને **ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧, ૪૧/૨** અને **૪૧/૩** ફાળવવામાં આવેલ છે તે પૈકી ફકત **ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧** વાળી બીનખેતી ઉપયોગની જમીન, જેનું હાલના ફાઈનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૨૭૧૨ ચો.મી. છે, તે જમીનના બીનખેતી ઉપયોગની સંપુર્ણ પુરેપુરી જમીન રેવન્યુ દફતરે અમો બીજી તરફ

રામજીભાઈ નાનજીભાઈ વાઘાણી Bulent

વેચાણ દસ્તાવેજ
ગામ : પુણા
બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨
ટી.પી.સ્કીમ નંબર : ૧૨
ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧
ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ : ૨૭૧૨ ચો.મી.
બીનખેતીની જમીન

SRT/3/NVG
No 1 1667 5/20
2018

:: ૫ ::

વાળાના સંપુર્ણ અને સ્વતંત્ર માલીકી, પ્રત્યક્ષ, કબજા, ભોગવટા, વહિવટપણામાં ચાલી આવેલ છે અને તેની ઉપર અમો બીજી તરફ વાળા સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, સંબંધ, હિસ્સો છે નહિ તથા તેની હરકોઈ પ્રકારની વ્યવસ્થા કરવા/કરાવવાનો અમો બીજી તરફવાળાને સંપૂર્ણ હકક અને અધિકાર છે.

મજકુર મિલકતના ટાઈટલ્સ તદન ચોખ્ખા અને માર્કેટેબલ છે, તેનો ઈતિહાસ એવો છે કે...,

ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો ચોર્યાસી (હાલ પુણા)ના મોજે ગામ પુણા ના રેવન્યુ સર્વે નંબર : ૫૯૮/૧ વાળી ખેતીની જમીન મુળ માલીક કેવળભાઈ ઉકાભાઈ ના નામે ચાલી આવેલ હતી.

ત્યારબાદ કેવળભાઈ ઉકાભાઈએ પોતાના સગા દિકરાઓને તેમની વયો વૃધ્ધ ઉંમર થયેલી હોવાથી, મજકુર જમીન તેમજ અન્ય જમીનોની વહેંચણી કરતા, રેવન્યુ સર્વે નંબર : ૫૯૮/૧ વાળી જમીન શીવલાલ કેવળભાઈ ના હિસ્સે આવેલી. જે અંગેનાં ફેરફારની નોંધ ગામ દફતરે હક્ક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૫૮૧ થી તારીખ : ૧૫/૧૨/૧૯૫૭ ના રોજ નોંધાયેલ છે. જે નોંધ ત્યારબાદ તારીખ : ૧૩/૦૨/૧૯૫૮ ના રોજ પ્રમાણિત કરેલ.

ત્યારબાદ મજકુર જમીન તેમજ અન્ય જમીન શીવલાલ કેવળભાઈ ના નામે ચાલી આવેલ હોય તે જમીનની વહેંચણી કરતા, રેવન્યુ સર્વે નંબર : ૫૯૮/૧ વાળી જમીન (૧) છગનલાલ શીવલાલ તથા (૨) બાલુભાઈ શીવાલાલ ના હિસ્સે આવેલી. જે અંગેનાં ફેરફારની નોંધ ગામ દફતરે હક્ક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૧૬૯૪ થી તારીખ : ૨૫/૧૨/૧૯૭૫ ના રોજ નોંધાયેલ છે. જે નોંધ ત્યારબાદ તારીખ : ૨૫/૦૨/૧૯૭૬ ના રોજ પ્રમાણિત કરેલ.

ત્યારબાદ મજકુર રેવન્યુ સર્વે નંબર : ૫૯૮/૧ વાળી જમીન (૧) છગનલાલ શીવલાલ તથા (૨) બાલુભાઈ શીવાલાલ ના નામે ચાલી આવેલી, તે જમીન માંથી ૩૨' ફુટ પહોળી અને ૨૬૦' ફુટ લાંબી જમીન ઘરની તથા તે સાથેની ઘરવપરાશ ની ખુલ્લી જમીન બાબતે ન્યાયધિકરણ અને ચોર્યાસી ના મામલતદારે ઘરથાણની જમીન ના ગણોતીયા ઈશ્વરભાઈ ભીખાભાઈ ને ઠેરવી રૂા.૪૦૦/– વાર્ષિક એક હપ્તાથી ભરપાઈ કરવા, તારીખ :

Bhar

વેચાણ દસ્તાવેજ
ગામ : પુણા
બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨
ટી.પી.સ્કીમ નંબર : ૧૨
ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧
ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ : ૨૭૧૨ ચો.મી.
બીનખેતીની જમીન

SRT/3/NVG
No 1 1667 5
2018

:: ૬ ::

૨૯/૧૧/૧૯૮૧ ના આદેશથી ઠરાવ્યુ અને તે મુજબ તારીખ : ૩૦/૦૧/૧૯૮૨ ના રોજ ખરીદ કિંમતના રૂ.૪૦૦/– ઈશ્વરભાઈ ભીખાભાઈએ તેના જમીન માલીકોને ભરપાઈ કરેલ. જે મુજબ કુલ ૫૯૧/૧ વાળી ૮૦૯૪ ચોરસ મીટર જમીન પૈકી ૭૭૨ ચોરસ મીટર વાળી જમીનમાં ઈશ્વરભાઈ ભીખાભાઈનુ નામ દાખલ કરવામાં આવેલ. જે અંગેનાં ફેરફારની નોંધ ગામ દફતરે હક્ક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૨૦૧૯ થી તારીખ : ૦૨/૦૨/૧૯૮૨ ના રોજ નોંધાયેલ છે. જે નોંધ ત્યારબાદ તારીખ : ૧૯/૦૩/૧૯૮૨ ના રોજ પ્રમાણિત કરેલ.

THE SEAL OF THE SUB-REGISTRAR SURAT-3 (NAVAGAM)

ત્યારબાદ મજકુર રેવન્યુ સર્વે નંબર : ૫૯૮/૧ વાળી સુમારે ૭૩૨૨ ચોરસ મીટર ક્ષેત્રફળ વાળી જમીન (૧) છગનલાલ શીવલાલ તથા (૨) બાલુભાઈ શીવાલાલ ના નામે ચાલી આવેલી, તે જમીનમાં એમની ધણીયાણીઓ મંજુલાબેન છગનભાઈ તથા ઉષાબેન બાલુભાઈ તથા એમની માતૃશ્રી કાશીબેન શીવલાલનો સરખો હકક હિસ્સો હોય અને એમણે કરેલા તારીખ : ૧૧/૦૮/૧૯૮૨ ના કરાર ના આધારે મંજુલાબેન છગનભાઈ તથા ઉષાબેન બાલુભાઈ તથા કાશીબેન શીવલાલ ના નામો સામાયિકપણામાં દાખલ કરવામાં આવેલા. જે અંગેનાં ફેરફારની નોંધ ગામ દફતરે હક્ક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૨૦૬૭ થી તારીખ : ૧૧/૦૮/૧૯૮૨ ના રોજ નોંધાયેલ છે. જે નોંધ ત્યારબાદ તારીખ : ૧૬/૦૯/૧૯૮૨ ના રોજ પ્રમાણિત કરેલ.

ત્યારબાદ મહેરબાન સક્ષમ અધિકારી અને અધિક કલેકટર સુરતના પત્ર નંબર : યુ.એલ.સી./રેકર્ડ/ કલમ ૬ (૧) પત્રક/ તા.૨૨/૦૧/૧૯૯૩ ના હુકમને આધારે રેવન્યુ સર્વે નંબર : ૫૯૮/૧, જેનો બ્લોક નંબર : ૬૭૫ વાળી જમીન યુ.એલ.સી. કાયદા હેઠળ ફાજલ કરવામાં આવેલ. જે અંગેનાં ફેરફારની નોંધ ગામ દફતરે હક્ક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૨૮૩૮ થી તારીખ : ૦૩/૦૨/૧૯૯૩ ના રોજ નોંધાયેલ છે. જે નોંધ ત્યારબાદ પ્રમાણિત કરેલ.

ત્યારબાદ મજકુર જમીનના માલીકોએ તારીખ : ૨૧/૦૧/૧૯૯૫ ના રોજ કરેલ સામાયિકપણાનાં કરારના આધારે છગનભાઈ શીવલાલ ના સીધીલીટીના વારસદારો (૧) પત્ની–મંજુલાબેન છગનભાઈ (૨) પુત્ર–દિપકભાઈ છગનભાઈ તથા બાલુભાઈ શીવલાલના સીધીલીટીના વારસદારો (૧) પત્ની–ઉષાબેન બાલુભાઈ તથા (૨) પુત્ર–હેમંત બાલુભાઈ નાં નામો પક્ષકારોના જવાબ, હયાતી પેઢીનામુ, પંચકયાસ, સામાયિકપણામાં નામો દાખલ કરવામાં આવેલ. જે અંગેનાં ફેરફારની નોંધ ગામ દફતરે હક્ક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના

વેચાણ દસ્તાવેજ
ગામ : પુણા
બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨
ટી.પી.સ્કીમ નંબર : ૧૨
ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧
ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ : ૨૭૧૨ ચો.મી.
બીનખેતીની જમીન

SRT/3/NVG
No 11667 6/20
2018



નંબર : ૬ માં નોંધ નંબર : ૨૯૬૦ થી તારીખ : ૨૪/૦૪/૧૯૯૫ ના રોજ નોંધાયેલ છે. જે નોંધ ત્યારબાદ તારીખ : ૨૭/૦૯/૧૯૯૫ ના રોજ પ્રમાણિત કરેલ.

ત્યારબાદ મજકુર જમીનના માલીકોએ નોંધ નંબર : ૨૮૩૮ વિરૂધ્ધ યુ.એલ.સી. કચેરીમાં અપીલ કરતા, હુકમ નંબર : યુ એલ સી /૬(૧)૬/૧૦૧૧–૧૪૨ પુણા યુ.કે. સુરત, તારીખ : ૦૭/૦૯/૧૯૯૫ ના હુકમ મુજબ બ્લોક નંબર : ૬૭૫ વાળી જમીન ફાજલ માંથી મુકત કરવામાં આવેલ. જે અંગેનાં ફેરફારની નોંધ ગામ દફતરે હક્ક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૩૦૨૩ થી તારીખ : ૨૧/૦૬/૧૯૯૬ ના રોજ નોંધાયેલ છે. જે નોંધ ત્યારબાદ તારીખ : ૦૯/૦૯/૧૯૯૬ ના રોજ પ્રમાણિત કરેલ.

SEAL OF THE SUB REGISTRAR SURAT NAVAGAM

ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી કાશીબેન શિવલાલભાઈનું તારીખ : ૧૮/૦૫/૧૯૮૭ ના રોજ પુણા ગામે ગુજરી ગયેલ. તેમના સીધીલીટીના વારસદારો (૧) છગનભાઈ શિવલાલભાઈ (મરણ તારીખ : ૦૪/૦૪/૨૦૦૦) (૨) બાલુભાઈ શિવલાલભાઈ (૩) મનુભાઈ શિવલાલભાઈ (૪) સુરેખાબેન શિવલાલભાઈ (મરણ તારીખ : ૧૭/૦૯/૧૯૯૧), છગનભાઈ શિવલાલભાઈના સીધીલીટીના વારસદારો (૫) મંજુલાબેન છગનભાઈ (૬) છાયાબેન છગનભાઈ (૭) દિપકભાઈ છગનભાઈ (૮) કિશોરીબેન છગનભાઈ, સુરેખાબેન શિવલાલભાઈના સીધીલીટીના વારસદારો (૯) પારૂલબેન (૧૦) રૂપેશભાઈ (૧૧) ભાવેશભાઈ ના નામો વારસાઈ હકકે દાખલ કરવામા આવેલ. જે અંગેનાં ફેરફારની નોંધ ગામ દફતરે હક્ક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૪૦૪૬ થી તારીખ : ૨૩/૦૬/૨૦૦૬ ના રોજ નોંધાયેલ છે. જે નોંધ ત્યારબાદ તારીખ : ૧૯/૧૦/૨૦૦૬ ના રોજ પ્રમાણિત કરેલ.

ત્યારબાદ મજકુર જમીનના માલીક (૧) બાલુભાઈ શિવલાલ (૨) મંજુલાબેન છગનભાઈ (૩) ઉષાબેન બાલુભાઈ (૪) દિપકભાઈ છગનભાઈ (૫) હેમંતભાઈ બાલુભાઈ (૬) મનુબેન શિવલાલ (૭) છાયાબેન છગનભાઈ (૮) કિશોરીબેન છગનભાઈ (૯) પારૂલબેન નટવરભાઈ (૧૦) રૂપેશભાઈ નટવરભાઈ (૧૧) ભાવેશભાઈ નટવરભાઈ (૧૨) ઈશ્વરભાઈ ભીખાભાઈના નામે ચાલી આવેલ છે જે કબજેદાર પૈકી અનુક્રમ નંબર : ૬ થી ૧૧ ના એ મજકુર જમીનમાંથી તારીખ : ૦૬/૦૮/૨૦૦૫ ના રોજ હકક જતો કરવાનો કરાર ના આધારે તેઓનો હકક, હિસ્સો ઉઠાવી લીધેલ. જે અંગેનાં ફેરફારની નોંધ ગામ દફતરે હક્ક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૪૧૨૮ થી તારીખ : ૨૦/૧૨/૨૦૦૬ ના રોજ નોંધાયેલ છે. જે નોંધ ત્યારબાદ તારીખ : ૦૯/૦૪/૨૦૦૭ ના રોજ પ્રમાણિત કરેલ.

વેચાણ દસ્તાવેજ
ગામ : પુણા
બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨
ટી.પી.સ્કીમ નંબર : ૧૨
ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧
ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ : ૨૭૧૨ ચો.મી.
બીનખેતીની જમીન

SRT/3/NVG
No 1 1667
2018

:: 7 ::

ત્યારબાદ મજકુર પુણા ગામ નો ચોર્યાસી તાલુકામાંથી સુરત સીટી માં સમાવેશ થતા, સમગ્ર ગામ દફતર સુરત સીટી તાલુકામાં તબદીલ કરવામાં આવેલ હતુ. જે અંગેનાં ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હક્ક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૪૧૩૧ તથા ૪૧૩૨ થી તારીખ : ૨૨/૧૨/૨૦૦૬ ના રોજ થયેલ છે. જે નોંધ તારીખ : ૨૨/૧૨/૨૦૦૬ તથા ૨૭/૧૨/૨૦૦૬ ના રોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ મજકુર બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨ વાળી જમીન (૧) બાલુભાઈ શિવલાલ (૨) મંજુલાબેન છગનભાઈ (૩) ઉષાબેન બાલુભાઈ (૪) દિપકભાઈ છગનભાઈ (૫) હેમંતભાઈ બાલુભાઈ ના સંયુકત નામે ચાલે છે જે જમીનને ટી.પી.સ્કીમ નંબર : ૧૨ અને ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/એ, ૪૧/બી, ૪૧/સી ને નવા ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧, ૪૧/૨, ૪૧/૩ ફાળવવામાં આવેલ. જે પૈકી ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧, જેનુ ક્ષેત્રફળ ૩૧૫૯ ચો.મી. જમીન તેમણે તારીખ : ૩૦/૧૧/૨૦૦૫ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજ નંબર : ૧૧૬૫૦ થી રામજીભાઈ નાનજીભાઈ વાવીયા યાને અમો બીજી તરફવાળાને વેચાણ આપેલ. જે અંગેનાં ફેરફારની નોંધ ગામ દફતરે હક્ક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૪૧૭૭ થી તારીખ : ૨૦/૦૪/૨૦૦૭ ના રોજ નોંધાયેલ છે. જે નોંધ ત્યારબાદ તારીખ : ૧૮/૦૮/૨૦૦૭ ના રોજ પ્રમાણિત કરેલ.

ત્યારબાદ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ—ડિસ્ટ્રીકટ તાલુકો પુણા, મોજે ગામ પુણા ના રેવન્યુ સર્વે નંબર : ૫૯૮/૧, જેનો બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨ થી નોંધવામાં આવેલ જમીન, જેનો ટી.પી. સ્કીમ નંબર : ૧૨ (પુણા) માં સમાવેશ થતાં, તેને ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧, ૪૧/૨ અને ૪૧/૩ ફાળવવામાં આવેલ છે જે મુજબ ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧ નું ક્ષેત્રફળ ૨૭૧૨ ચો.મી. ફાળવવામાં આવેલ છે.

ત્યારબાદ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ—ડિસ્ટ્રીકટ તાલુકો પુણા, મોજે ગામ પુણા ના રેવન્યુ સર્વે નંબર : ૫૯૮/૧, જેનો બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨ થી નોંધવામાં આવેલ જમીન, જેનો ટી.પી. સ્કીમ નંબર : ૧૨ (પુણા) માં સમાવેશ થતાં, તેને ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧, ૪૧/૨ અને ૪૧/૩ ફાળવવામાં આવેલ છે તે પૈકી ફકત ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧ વાળી બીનખેતી ઉપયોગની જમીન, જેનું હાલના ફાઈનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૨૭૧૨ ચો.મી. છે, તે જમીનના બીનખેતી ઉપયોગની પરવાનગી, કલેકટર, સુરતએ, તેમના હુકમ ક્રમાંક : એ/બખપ/એસ.આર. નં.૧૬૪/૧૮/ID.NO.300355/વશી.5690 થી 5704/18, તારીખ : ૧૯/૦૭/૨૦૧૮ થી આપેલ છે.

વેચાણ દસ્તાવેજ
ગામ : પુણા
બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨
ટી.પી.સ્કીમ નંબર : ૧૨
ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧
ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ : ૨૭૧૨ ચો.મી.
બીનખેતીની જમીન

SRT/3/NVG
No 1 1667 8
20



એણી વિગતે, અમો બીજી તરફવાળા, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો પુણા, મોજે ગામ પુણા ના રેવન્યુ સર્વે નંબર : ૫૯૮/૧, જેનો બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨ થી નોંધવામાં આવેલ જમીન, જેનો ટી.પી. સ્કીમ નંબર : ૧૨ (પુણા) માં સમાવેશ થતાં, તેને ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧, ૪૧/૨ અને ૪૧/૩ ફાળવવામાં આવેલ છે તે પૈકી ફકત ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧ વાળી બીનખેતી ઉપયોગની જમીન, જેનું હાલના ફાઈનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૨૭૧૨ ચો.મી. છે, તે જમીનના બીનખેતી ઉપયોગની સંપુર્ણ પુરેપુરી જમીનના સંપુર્ણ માલીક, કબજેદાર, વહીવટદાર બનેલા છીએ. એણી વિગતે, અમો બીજી તરફવાળાથી, મજકુર મિલકતના ટાઈટલ્સ સંપૂર્ણ બને છે.

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો પુણા, મોજે ગામ **પુણા** ના રેવન્યુ સર્વે નંબર : ૫૯૮/૧, જેનો બ્લોક **નંબર : ૬૭૫/પૈકી ૨** થી નોંધવામાં આવેલ જમીન, **જેનો ટી.પી. સ્કીમ નંબર : ૧૨ (પુણા)** માં સમાવેશ થતાં, તેને **ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧, ૪૧/૨ અને ૪૧/૩** ફાળવવામાં આવેલ છે તે પૈકી ફકત **ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧** વાળી બીનખેતી ઉપયોગની જમીન, જેનું હાલના ફાઈનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ **૨૭૧૨ ચો.મી. છે,** તે જમીનના બીનખેતી ઉપયોગની સંપુર્ણ પુરેપુરી જમીન અમો બીજી તરફવાળા વેચાણ આપનારાએ, તમો એક તરફ વાળાને **રૂા.૨,૮૦,૦૦,૦૦૦/– અંકે રૂપિયા બે કરોડ એસી લાખ** પુરાના કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેનો આ વેચાણનો દસ્તાવેજ અમો બીજી તરફવાળા, તમો એક તરફવાળા વેચાણ રાખનારની તરફેણમાં આજરોજ લખી/કરી આપીએ છીએ. મજકુર તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકતનું સંપુર્ણ વર્ણન નીચે પરિશિષ્ટમાં વર્ણવામાં આવેલ છે. મજકુર તમોને વેચાણ આપેલ તથા નીચે પરિશિષ્ટમાં વર્ણવામાં આવેલ મિલકત હવે પછી આ દસ્તાવેજમાં "મજકુર જમીન/મિલકત" અને/અગર "મજકુર વેચાણ આપેલ જમીન/મિલકત" એ રીતે સંબોધવામાં આવેલ છે.

મજકુર તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકતના વેચાણ અવેજનાં નાણાં તમો એક તરફવાળા તરફથી, અમો બીજી તરફવાળાને સંયુકતપણામાં અમો બીજી તરફવાળાની માંગણી તથા ફરમાઈશ મુજબ નીચેની વિગતે ચુકતે મળેલ છે.

| રકમ | બેંકનું નામ | ચેક નંબર | તારીખ |
|---|---|---|---|
| રૂા.૨૦,૦૦,૦૦૦/– | ICICI બેંક લી. | ૦૦૦૫૩૬ | ૧૧/૦૭/૨૦૧૮ |
| રૂા.૫૦,૦૦,૦૦૦/– | ICICI બેંક લી. | ૦૦૦૫૩૭ | ૩૦/૦૭/૨૦૧૮ |

[illegible] Bihar

વેચાણ દસ્તાવેજ
ગામ : પુણા
બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨
ટી.પી.સ્કીમ નંબર : ૧૨
ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧
ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ : ૨૭૧૨ ચો.મી.
બીનખેતીની જમીન

SRT/3/NVG
No 1 1667 9/20
2018

:: ૭ ::

| | | | |
|---|---|---|---|
| રૂ.૨૫,૦૦,૦૦૦/- | ICICI બેંક લી. | ૦૦૦૫૩૮ | ૩૦/૦૭/૨૦૧૮ |
| રૂ.૨૫,૦૦,૦૦૦/- | ICICI બેંક લી. | ૦૦૦૫૩૯ | ૩૦/૦૭/૨૦૧૮ |
| રૂ.૨૫,૦૦,૦૦૦/- | ICICI બેંક લી. | ૦૦૦૫૪૦ | ૩૦/૦૭/૨૦૧૮ |
| રૂ.૨૫,૦૦,૦૦૦/- | ICICI બેંક લી. | ૦૦૦૫૪૧ | ૩૦/૦૭/૨૦૧૮ |
| રૂ.૨૫,૦૦,૦૦૦/- | ICICI બેંક લી. | ૦૦૦૫૪૨ | ૩૦/૦૭/૨૦૧૮ |
| રૂ.૨૫,૦૦,૦૦૦/- | ICICI બેંક લી. | ૦૦૦૫૪૩ | ૩૦/૦૭/૨૦૧૮ |
| રૂ.૨૫,૦૦,૦૦૦/- | ICICI બેંક લી. | ૦૦૦૫૪૪ | ૩૦/૦૭/૨૦૧૮ |
| રૂ.૨૫,૦૦,૦૦૦/- | ICICI બેંક લી. | ૦૦૦૫૪૫ | ૩૦/૦૭/૨૦૧૮ |
| રૂ.૦૭,૨૦,૦૦૦/- | ICICI બેંક લી. | ૦૦૦૫૪૬ | ૩૦/૦૭/૨૦૧૮ |
| રૂ.૦૨,૮૦,૦૦૦/- | TDS | | |
| રૂ.૨,૮૦,૦૦,૦૦૦/- | કુલ વેચાણ અવેજ | | |

ઉપરની વિગતે વેચાણ અવેજના ચૂકતે નાણાં રૂ.૨,૮૦,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બે કરોડ એંસી લાખ પુરા, અમો બીજી તરફવાળાએ તમો એક તરફ વાળા પાસેથી ચુકતે મેળવી લઈને આ વેચાણ દસ્તાવેજ તમો એક તરફવાળાની તરફેણમાં કરી આપેલ છે. વેચાણ અવેજના નાંણા ચુકતે પૂરેપૂરા અમો બીજી તરફવાળાને મળી ગયેલ છે, તેની અમો બીજી તરફ વાળા આ વેચાણ દસ્તાવેજ થકી પહોંચ સ્વીકારીએ છીએ તથા રસીદ આપીએ છીએ. ભવિષ્યમાં નાણાં ઓછા મળ્યા બદલ કે ન મળ્યા બદલ કે અવેજ ઓછો મળ્યા બદલની અમો બીજી તરફ વાળાએ કે અમારા વંશ, વાલી, વારસોએ કોઈ તર-તકરાર કરવા/કરાવવાની નથી તેમ છતાં કરીએ/કરાવીએ તો તે ચાલે નહી અને તે આથી રદબાતલ થાય સહી ગણાય સહી.

ઉપરની વિગતે વેચાણ અવેજના ચૂકતે નાણાં અમો બીજી તરફવાળાએ તમો એક તરફવાળા પાસેથી ચૂકતે મેળવી લઈને આ વેચાણ દસ્તાવેજ તમો એક તરફવાળાની તરફેણમાં કરી આપી, તમો એક તરફવાળાને મજકુર જમીનના સંપુર્ણ અને સ્વતંત્ર માલિક બનાવીને, મજકુર જમીન અમારા પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટપણાં માંથી કાઢીને તમો એક તરફવાળાના સંપુર્ણ અને સ્વતંત્ર પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટપણામાં, માલીકીપણામાં અમો બીજીતરફવાળાએ સોંપી દીધેલ છે. મજકુર જમીન કે તેના કોઈ હિસ્સા ઉપર હવેથી અમો બીજી તરફવાળા એ અમારા વંશ વાલી વારસો, ઈત્યાદી કોઈ પણ પ્રકારનો લાગ-ભાગ, હકક,

વેચાણ દસ્તાવેજ
ગામ : પુણા
બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨
ટી.પી.સ્કીમ નંબર : ૧૨
ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧
ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ : ૨૭૧૨ ચો.મી.
બીનખેતીની જમીન

SRT/3/NVG
No 1 1667
2018

:: 10 ::

હિસ્સો, દરદાવો, કબજો, ભોગવટો રહેલ નથી, તેમજ તેવા તમામ હકક, હિત, સંબંધનો આથી અંત આણેલ છે સહી. મજકુર જમીનનો, તમારી મરજી મુજબ ઉપયોગ, વપરાશ કરવા/ કરાવવા તેમજ તમારી મરજી મુજબ ગીરવી, વેચાણ કે બક્ષીસ કે ઈત્યાદી હર કોઈ પ્રકારે તેની વ્યવસ્થા કરવા/કરાવવા તમો એક તરફવાળા સંપુર્ણ અને સ્વતંત્ર માલીક મુખત્યાર, હકકદાર, કબજેદાર થયા છો સહી. હવેથી મજકુર તમો એક તરફવાળાને વેચાણ આપેલ જમીનના તમારા કબજા, ભોગવટા, ઉપયોગ, ઉપભોગમાં અમો બીજી તરફવાળા કે અમારા વંશ વાલી વારસો ઈત્યાદી કોઈ એ પણ, તમો એક તરફવાળા કોઈને કોઈ પણ રીતે હરકત કે અટકાયત કરવા/કરાવવાની નથી. તેમ છતાં કરીએ/કરાવીએ તો તે ચાલે નહી અને તે આથી રદબાતલ થાય સહી, ગણાય સહી. તેમજ તેથી તમો એક તરફવાળા કે તમારા વંશ વાલી વારસો ઈત્યાદી તમામને થતા તમામ પ્રકારના ખર્ચ અને નુકશાન તથા વળતર સહિતની અવેજની રકમ, અમો બીજી તરફવાળા, તમો એક તરફવાળા તમામ ને આપવા બંધાયેલા છીએ સહી.

THE SEAL OF THE SUB REGISTRAR (NAVAGAM) SURAT

અમો બીજી તરફવાળાએ, તમો એક તરફવાળાને, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો પુણા, મોજે ગામ **પુણા** ના રેવન્યુ સર્વે નંબર : ૫૯૮/૧, જેનો બ્લોક **નંબર : ૬૭૫/પૈકી ૨ થી નોંધવામાં આવેલ જમીન, જેનો ટી.પી. સ્કીમ નંબર : ૧૨ (પુણા)** માં સમાવેશ થતાં, તેને **ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧, ૪૧/૨ અને ૪૧/૩** ફાળવવામાં આવેલ છે તે પૈકી ફકત **ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧** વાળી બીનખેતી ઉપયોગની જમીન, જેનું હાલના ફાઈનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ **૨૭૧૨ ચો.મી.** છે, તે જમીનના બીનખેતી ઉપયોગની સંપુર્ણ પુરેપુરી જમીન વેચાણ આપેલ છે. આથી ટી.પી.સ્કીમ ફાઈનલ થયેથી, જે કોઈ ફાઈનલ પ્લોટ/પ્લોટસ એલોટ થાય, તે તમામ ફાઈનલ પ્લોટ /પ્લોટસની જમીન મેળવવાને, તમો એક તરફવાળા સંપુર્ણ હકકદાર બન્યા છો સહી.

મજકુર તમોને વેચાણ આપેલ મિલકત કે તેનો હિસ્સો ભવિષ્યમાં, કોઈપણ એપ્રોપ્રિએટ ઓથોરીટી, સરકારી અર્ધસરકારી કચેરી કે સંસ્થા દ્વારા સંપાદનની માંગણી કરવામાં આવે, સંપાદિત કરવામા આવે, રોડ રસ્તામાં કપાત થાય કે અન્ય કોઈ રીતે તમો પાસેથી તેમનો કબજો મેળવવામાં આવે અને તેના બદલામાં કોઈ પણ પ્રકારનું નાણાંકીય કે અન્ય વળતર ચૂકવવામાં આવે અગર તો મેળવેલ મિલકતના બદલામાં અન્ય કોઈ મિલકત, જમીનનો પ્લોટ, તમો એક તરફવાળાને ફાળવવામાં આવે અને કબજો સુપ્રત કરવામાં આવે અગર તો રેવન્યુ દફતર, લેન્ડ રેકર્ડ દફતર કે અન્ય કોઈ કચેરીના દફતરોના રીસર્વેયન્સ અને/અગર દુરસ્તીકરણના કારણે, મિલકતના ક્ષેત્રફળમાં કોઈપણ પ્રકારનો ફેરફાર/ વધારો થાયતો તમામ સંપુર્ણ રીતે

વેચાણ દસ્તાવેજ
ગામ : પુણા
બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨
ટી.પી.સ્કીમ નંબર : ૧૨
ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧
ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ : ૨૭૧૨ ચો.મી.
બીનખેતીની જમીન

SRT/3/NVG
1667 / 11
2018

:: 11 ::

મેળવવાને, તમો એક તરફવાળા એકલા સંપૂર્ણ માલીક, મુખત્યાર, કબજેદાર, હકકદાર બન્યા છો સહી. અને તે સંજોગોમાં, મજકુર વળતર, બદલો, મિલકત, જમીનનો પ્લોટ વગેરેમાં અમો બીજી તરફવાળાનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગ, ભાગ, અધિકાર રહેશે નહી, ગણાશે નહી, તથા તેવી કોઈ પણ પ્રકારની માંગણી અમો કરી/મુકી શકીશું નહિ, તેમજ અમારા વતી અન્ય કોઈ તેવી માંગણી કરી/કરાવી શકશે નહી.

મજકુર જુની શરતની બીનખેતી જમીનના એક તરફવાળાને માલીક બનાવ્યા તે અગાઉ બીજી તરફવાળાએ મજકુર જમીન કોઈને ચાર્જ, ગીરવી, વેચાણ, બક્ષીસથી અગર અન્ય કોઈ રીતે લખી આપેલ નથી કે તેના ઉપર કોઈ સરકારી, અર્ધ સરકારી સંસ્થા કે અન્ય કચેરી, બેંક કે અન્ય વ્યકિતનો ચાર્જ કરેલ /કરાવેલ નથી તથા તેની અન્ય કોઈ વ્યવસ્થા કરી/કરાવી નથી, મજકુર જમીન ઉપર કે તેના કોઈ હિસ્સા ઉપર કોઈનો લીયન હકક નથી કે કોર્ટની જપ્તી, ટાંચ કે મનાઈ નથી. તેમજ તે કોર્ટના કે અન્ય સરકારી પ્રકરણોમાં સંડોવાયેલ નથી મજકુર જમીન ઉપર સરકારી લેણાઓ જેવા કે મહેસુલ, ઈન્કમટેક્ષ, વેલ્થટેક્ષ કે કોઈપણ અન્ય પ્રકારના વેરાઓ બોજો નથી. મજકુર જમીન કે તેના કોઈ હિસ્સાનું અમો એ કોઈ ટ્રસ્ટ ડીડ કરેલ નથી કે અન્ય કોઈનો તેના ઉપર ખોરાકી, પોષાકી કે અન્ય હકક નથી કે તેવો કોઈ બોજો નથી, મજકુર મિલકત કે તેનો હિસ્સો સંપાદન કરવા સરકારી કે અર્ધસરકારી કચેરીની કોઈ નોટીસ અમો બીજી તરફ વાળાને બજાવવામાં આવેલ નથી તેમજ મજકુર મિલકત ઉપર કોઈપણ પ્રકારનું રીઝર્વેશન મુકવામાં આવેલ નથી. મજકુર જમીન કે તેના કોઈ હિસ્સા ઉપર કોઈના કોઈપણ પ્રકારના ઈઝમેન્ટ હકકો નથી. મજકુર જમીન કે તેનો કોઈ હિસ્સો તમો વેચાણ રાખનાર સીવાય અન્ય કોઈ ને વેચાણ આપવાનો અમો બીજી તરફવાળાએ આ પહેલા કોઈ મૌખિક કે લેખિત કરાર કરી આપેલ નથી એટલે કે મજકુર બીનખેતીની જમીન તદન્ન માર્કેટેબલ ટાઈટલ વાળી છે તેવી તમામ ખાત્રી અને ભરોસો અમો બીજી તરફવાળા એ તમો એક તરફવાળાને આપેલ છે, અને અમારી તેવી ખાત્રી ભરોસાના આધારે જ તમો એક તરફવાળાએ મજકુર જમીન વેચાણ રાખેલ છે.

મજકુર તમોને વેચાણ આપેલ જમીનના ટાઈટલ તદન ચોખ્ખા અને માર્કેટેબલ છે અને મજકુર જમીન બોજા મુકત, કરજ મુકત અને બીન જોખમી છે તેવા તમો એક તરફવાળાને વિશ્વાસ અને ભરોસો આપીને નીચે પરિશિષ્ટમાં જણાવેલ જમીન ઉપર જણાવેલા વેચાણ અવેજથી તમો એક તરફવાળાને અમો બીજી તરફવાળા એ વેચાણ આપી છે. આમ છતા, મજકુર જમીન કે તેના હિસ્સા ઉપર કોઈ હકક દાર, દાવેદાર, હિસ્સેદાર, ગીરોદાર, અગર અન્ય કોઈ પેદા થાઈ કોઈ દરદાવો કરે તો તેવા સંજોગામાં તમો એક તરફવાળાને કોઈપણ પ્રકારનું જોખમ લાગે કે

વેચાણ દસ્તાવેજ
ગામ : પુણા
બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨
ટી.પી.સ્કીમ નંબર : ૧૨
ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧
ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ : ૨૭૧૨ ચો.મી.
બીનખેતીની જમીન

SRT/3/NVG
No 1 1667

:: ૧૨ ::

અવેજ જોખમાય કે કોઈ પણ નુકશાન થાય તો તે તમામ અમો બીજી તરફવાળા તથા અમારા વંશ વાલી વારસો એ, તમો એક તરફવાળા તમામને ભરપાઈ કરી આપવુ સહી. તેમજ અમો બીજી તરફ વાળાએ પણ તે તમામનો જવાબ આપીને મજકુર જમીન ચોખ્ખે ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી બનાવી આપવી સહી.

મજકુર જમીન અમો બીજી તરફવાળાએ તમો એક તરફવાળાને વેચાણથી આપેલ છે, તેમા અમો બીજી તરફવાળાના વારસદારોએ સંમતી આપેલ છે જેથી કરીને ભવિષ્યમાં અમારા વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામે મજકુર જમીનના વેચાણ અંગે વાંધો વિરોધ કે તર તકરાર કરવાની રહેશે નહી અને કરે તો તે આ વેચાણ દસ્તાવેજથી રદબાતલ થાય તેમજ તે અંગેની તમામ ખર્ચ સહિતની જવાબદારી અમો બીજી તરફવાળાની છે અને રહેશે સહી.

મજકુર જમીનના આજ તારીખ સુધીના તમામ સરકારી વેરાઓ, મહેસુલ, શિક્ષણ ઉપકર ઈત્યાદી, તમામ પ્રકારના વેરાઓ, ફાળાઓ ચાર્જીસ અમોએ ભરપાઈ કરેલ છે. તેમ છતા કોઈ પ્રકારની રકમ આજ તારીખ સુધીમાં ભરપાઈ કરવાની બાકી રહેતી હોય તો તે તમામ અમો બીજી તરફવાળા એ ભરપાઈ કરી આપવી સહી. આજ તારીખ પછીના મજકુર મિલકત અંગેના તમામ વેરાઓ, ચાર્જીસ, ઈત્યાદી તમામ તમો એક તરફવાળાએ ભરપાઈ કરવાના રહેશે સહી.

મજકુર તમો એક તરફવાળાને વેચાણ આપેલ મજકુર જમીન ગ્રામપંચાયતના દફતરે તલાટી દફતરે, અન્ય સરકારી અર્ધસરકારી દફતરે, અમો બીજી તરફવાળાના નામ કમી કરાવીને તમો એક તરફવાળા તમારા નામ ઉપર દાખલ કરાવી શકો સહી. તથા તે અંગે અમો બીજી તરફવાળા તથા અમારા વંશ વારસો ઈત્યાદીની, જયાં જયાં અને જયારે જયારે સહી, સંમતિ હાજરીની, કબુલાતની, મંજુરીની ઈત્યાદીની જરૂરીયાત ઉભી થાય ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે અમો અમારા ખર્ચે રૂબરૂ હાજર રહી તેવી સહીઓ, સંમતિઓ, કબુલાતો, મંજુરી, ઈત્યાદી આપીને મજકુર જમીન તમો એક તરફવાળાના નામ ઉપર દાખલ કરી/કરાવી આપવા અમો બંધાયેલા છીએ તથા આ દસ્તાવેજ થકી પણ અમારી તેવી તમામ પ્રકારની કબુલાત ગણાય સહી. આ વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચે જેવો કે સ્ટેમ્પ ડયુટી, નોંધણી ફી, લખાણ ફી, ટાઈપીંગ ખર્ચે તથા અન્ય પરચુરણ ખર્ચ તમો એક તરફવાળા એ ભોગવેલ છે ચુકવેલ છે તથા ભોગવાનો છે, ચુકવાનો છે. ભવિષ્યમાં વધારાની સ્ટેમ્પ ડયુટી, નોંધણી ફી કે અન્ય ખર્ચાની જે રકમ ચુકવાની થાય તો તે તમામ રકમ—નાણાં તમો એક તરફવાળા એ ભરપાઈ કરવાના રહેશે.

વેચાણ દસ્તાવેજ
ગામ : પુણા
બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨
ટી.પી.સ્કીમ નંબર : ૧૨
ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧
ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ : ૨૭૧૨ ચો.મી.
બીનખેતીની જમીન

SRT/3/NVG
No 1 1667 13/20
2018

:: 13 ::

—:: પરિશિષ્ટ ::—

—:: વેચાણ આપેલ મિલકતનું વર્ણન ::—

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ—ડિસ્ટ્રીકટ તાલુકો પુણા, મોજે ગામ **પુણા** ના રેવન્યુ સર્વે નંબર : ૫૯૮/૧, જેનો બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨ થી નોંધવામાં આવેલ જમીન, જેનો ટી.પી. સ્કીમ નંબર : ૧૨ (પુણા) માં સમાવેશ થતાં, તેને ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧, ૪૧/૨ અને ૪૧/૩ ફાળવવામાં આવેલ છે તે પૈકી ફકત ફાઈનલ પ્લોટ નંબર : **૪૧/૧** વાળી બીનખેતી ઉપયોગની જમીન, જેનું હાલના ફાઈનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ **૨૭૧૨ ચો.મી.** છે, તે જમીનના બીનખેતી ઉપયોગની સંપુર્ણ પુરેપુરી જમીન તથા તેને લાગતા વળગતા તમામ પ્રકારના અંદરના તથા બહારના તેમજ ઉપર આકાશ થી નીચે પાતાળ સુધીના તમામ હકક, હિત, અધિકાર સહિતની જમીન તથા મૂળ હકકો તથા ટી.પી. સ્કીમ ફાઈનલ થયેલી, જે તે ફાઈનલ પ્લોટસની પુરેપુરી જમીન મેળવવાના હકકો સહિતની સંપુર્ણ દરોબસ્ત. મજકુર **ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧** ની ચર્તુસીમા નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| પુર્વે | : | ૧૨ મીટરનો રોડ |
| પશ્ચિમ | : | ફાઈનલ પ્લોટ નંબર : ૪૩ |
| ઉત્તરે | : | ૯ મીટરનો રોડ |
| દક્ષિણે | : | ફાઈનલ પ્લોટ નંબર : ૪૨/૧ |

ઉપરની વિગતે આ વેચાણનો દસ્તાવેજ અમો બીજી તરફવાળાએ અમારી રાજીખુશી થી તથા અકકલ હોશિયારીથી, તન—મનની સ્વસ્થ, સાવધ અને બીન કેફી અવસ્થામાં, કોઈના કોઈપણ પ્રકારના દાબ, દબાણ, ધાક—ધમકી કે શેહ શરમમાં આવ્યાં વિના, વાંચી, વંચાવી, સાંભળી, વિચારી, સમજી લઈને લખી આપેલ છે કરી આપેલ છે. જે અમોને તથા અમારા વંશ વાલી વારસો, એકિઝકયુટરર્સ, એડમિનિસ્ટ્રેટર્સ, એસાઈનીઝ, અધિકૃત પ્રતિનીધીઓ, ઈત્યાદી તમામને એકામતે, અને એકાજુથે કબૂલ મંજુર અને બંધનકર્તા છે સહી અને રહેશે સહી

અત્રે.............................મતુ તત્રે.....................................શાખ

રામજીભાઈ નાનજીભાઈ વાઘાણી .............................................

શ્રી રામજીભાઈ નાનજીભાઈ (સાક્ષી)

:— M.M. ..........................................

(સાક્ષી)

વેચાણ દસ્તાવેજ
ગામ : પુણા
બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨
ટી.પી.સ્કીમ નંબર : ૧૨
ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧
ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ : ૨૭૧૨ ચો.મી.
બીનખેતીની જમીન

SRT/3/NVG
No 1 1667 14
2018

:: ૧૫ ::



મિલકતનુ સરનામુ :– રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો પુણા, મોજે ગામ પુણા ના રેવન્યુ સર્વે નંબર : ૫૯૮/૧, જેનો બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨ થી નોંધવામાં આવેલ જમીન, જેનો ટી.પી. સ્કીમ નંબર : ૧૨ (પુણા) માં સમાવેશ થતાં, તેને ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧, ૪૧/૨ અને ૪૧/૩ ફાળવવામાં આવેલ છે તે પૈકી ફકત ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧ વાળી બીનખેતી ઉપયોગની જમીન.

વેચનારની સહી:– [illegible]

ખરીદનારની સહી ....[signature]....

SRT/3/NVG

1167


2018

વેચાણ દસ્તાવેજ
ગામ : પુણા
બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨
ટી.પી.સ્કીમ નંબર : ૧૨
ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧
ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ : ૨૭૧૨ ચો.મી.
બીનખેતીની જમીન

:: ૧૬ ::

| સહી | ફોટો | અંગઠાનં નિશાન |
|---|---|---|

—:: લખી આપનારા ::—



:— ..........................

શ્રી રામજીભાઈ નાનજીભાઈ

—:: લખાવી લેનાર ::—



:— ..........................

**" મેસર્સ વિયુનિસન ઈન્ફાકોન એલએલપી "**

(લીમીટેડ લાયબીટી પાર્ટનરશીપ)

વતી અને તરફે અધિકૃત વહિવટકર્તા ભાગીદાર

શ્રી અલ્પેશભાઈ નાથાભાઈ બુહા

16

SRT/3/NVG
1166 / 16/20
2018

વેચાણ દસ્તાવેજ
ગામ : પુણા
બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨
ટી.પી.સ્કીમ નંબર : ૧૨
ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧
ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ : ૨૭૧૨ ચો.મી.
બીનખેતીની જમીન

દસ્તાવેજ નંબર : 11667 તા. 28/09/18

॥ પરીશીષ્ટ ॥ 28 SEP 2018

નોંધણી અધિનિયમ–૧૯૦૮ ની કલમ–૩૪ની પેટા કલમ–૩ મુજબનું ચેકલીસ્ટ

લખી આપનાર, સંમતિ આપનાર કે તેઓના કુલમુખત્યારને પુછવાના પ્રશ્નો

| અ.નં. | પ્રશ્ન | જવાબ(હા કે ના) |
|---|---|---|
| ૧. | તબદિલી લેખમાં જણાવેલ વિગતોનું વર્ણન મુજબ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો પુણા, મોજે ગામ પુણા ના રેવન્યુ સર્વે નંબર : ૫૯૮/૧, જેનો બ્લોક નંબર : ૬૭૫/પૈકી ૨ થી નોંધવામાં આવેલ જમીન, જેનો ટી.પી. સ્કીમ નંબર : ૧૨ (પુણા) માં સમાવેશ થતાં, તેને ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧, ૪૧/૨ અને ૪૧/૩ ફાળવવામાં આવેલ છે તે પૈકી ફકત ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧ વાળી બીનખેતી ઉપયોગની જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે ? | હા |
| ૨. | તબદિલી લેખમાં જણાવેલ વિગતોનું વર્ણન મુજબ ફાઈનલ પ્લોટ નંબર : ૪૧/૧ વાળી બીનખેતી ઉપયોગની જમીન, જેનું હાલના ફાઈનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૨૭૧૨ ચો.મી. ક્ષેત્રફળ વાળી બિનખેતીની જમીન માટે વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે ? | હા |
| ૩. | તબદિલી લેખમાં જણાવેલ વિગતે વેચાણ અવેજની રકમ તમો ને મળેલ છે ? | હા |
| ૪. | વેચાણ દસ્તાવેજમાં દર્શાવેલ વિગતો વાંચી, વિચારીને, સમજી, વિચારીને તમો પોતે જાતે જ સહી, અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો ? | હા |
| ૫. | ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યકિતઓ સાથે લાવ્યા છો ? | હા |
| | **ઓળખાણ આપનારને પુછવાના પ્રશ્નો** | |
| ૧. | દસ્તાવેજ લખી આપનાર વ્યકિત/ઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો ? | હા |
| ૨. | દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિત/ઓ એક જ છે ? | હા |
| ૩. | કોઈ વ્યકિતએ ખોટુ નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો ? | હા |

વેચાણ આપનારની સહી — ઓળખાણ આપનારની સહી

સહી : [signature] M.M.[signature]

સબ–રજીસ્ટ્રાર
સબ રજીસ્ટ્રાર,
સુરત સીટી–૩, (નવાગામ)

SUB REGISTRAR (NAVAGAM) [stamp]

(17

G.P.Bvc.-(V)-2003-20,00,000-7-2016-(1)
G.R.,R.D., No.R.A.M. 102006-1223-L.I. dated:3-8-2006.

આર. વી. ૨૪ જી. (સુધારેલ)

## ગામ નમૂનો નંબર ૭ અને ૧૨ No. M 4099436

SRT/3/NVG
N0 1 1 6 6 7
20
2018

બ્લોક/સરવે નંબર : ૬૭૫/ પૈકી ૨
ભોગવટાનો પ્રકાર : જુની શરત (જુ.શ)
ખેતરનું નામ :
વિગતો : સરવે નં.૫૯૮/૧, પો.ખ.સડક

પાનું : 1,220,519, 1 of 1
મોજે : પુણા
તાલુકો : પુણા
જિલ્લો : સુરત

| જમીન | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | ખાતા નંબર \| ક્ષેત્રફળ \| આકાર હે.આરે.ચો.મી. | નોંધ નંબરો અને કબ્જેદારોના નામ |
|---|---|---|---|
| ખેડવાણ | ૦-૭૩-૨૨ | | ૫૮૧,૬૫૭,૭૫૯,૧૬૯૪,૨૦૧૯,૨૦૬૭,૨૮૩૮,૨૯૬૦, ૩૦૨૩,૩૮૮૨,૪૦૪૬,૪૧૨૮,૪૧૩૧,૪૧૩૨,૪૧૭૭,૪૬૩૬, ૬૨૭૦,૬૩૯૧, |
| પો.ખ. ખરાબ | ૦-૨૨-૨૬ | | |
| કુલ ક્ષેત્રફળ | ૦-૯૫-૪૮ | | |
| આકાર રૂ. | ૧૩.૧૦ | ૪૧૮ \| ૦-૭૩-૨૨ \| ૧૩.૧૦. | મંજુલાબેન છગનભાઈ<br>દિપકભાઈ છગનભાઈ<br>રામજીભાઈ નાનજીભાઈ -(૪૧૭૭)<br>(ફા.પ્લોટ નં.૪૧/૧ ક્ષે.૩૧૫૯.૦૦ ચો.મી.)(૪૧૭૭)<br>હેમંતભાઈ બાલુભાઈ |
| જુડી તથા વિશેષધારો રૂ | 0.00 | | |
| પાણીભાગ રૂ. | 0.00 | | |

| ગણોતિયાની વિગતો | બીજા હકો અને બોજાની વિગતો |
|---|---|
| | ૧૭૫૫,૨૧૫૯,૨૧૯૭,૩૮૮૨,<br>"સીટી સર્વે વિસ્તારમાં સમાવેશ"<૩૮૮૨> |

નામંજુર ક-તકરારી *-૨૬
/08/2016 02:05 pm ની સ્થિતિએ

નકલ/ Chargable Copy અંકે રૂ. 5/- (રૂપીયા પાંચ પુરા) મળેલ છે, આભાર સહ. પ્રીંટ તા. 11/09/2018 16:36:20 મામલતદાર કચેરી, ગુજરાત સરકાર
: રાષ્ટ્રીય સૂચના-વિજ્ઞાન કેન્દ્ર, ગુજરાત રાજ્ય નકલ આપનાર કચેરી : મામલતદાર કચેરી મજુરા

| SRT/3/NVG | | |
|---|---|---|
| 11667 | 18 | 20 |
| 2018 | | |

28/09/2018 3:22:32 pm Version 1.1.2018.7

અનુક્રમ નંબર ૧૧૬૬૭ સને ૨૦૧૮ ના સપ્ટેમ્બર માસની ૨૮ મી તારીખે ૧૧ થી ૧૨ વાગ્યાની વચ્ચે સુરત - 3 Navagam સબ રજીસ્ટ્રારની કચેરીમાં રજુ કર્યા.

| | |
|---|---|
| પહોંચ નંબર: ૨૦૧૮૦૨૦૦૪૧૬૨૩ | |
| ફીપહોંચી છે તે | રૂ. પૈસા |
| રજીસ્ટ્રેશન ફી | ૨૮૦૦૦૦ |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયં ( 25 ): | ૨૫૦ |
| અન્ય ફી | ૦ |
| કુલ એકંદરે રૂ. | ૨૮૦૨૫૦ |




રામજીભાઇ નાનજીભાઇ

( C.T.Patel )
સબ રજીસ્ટ્રાર
સુરત - 3 Navagam

( C.T.Patel )
સબ રજીસ્ટ્રાર
સુરત - 3 Navagam


| અનું. નંબર | પક્ષકારનું નામ અને સરનામુ | ઉમર | ફોટોગ્રાફ | ડા.હા.અં.ની છાપ | સહી |
|---|---|---|---|---|---|
| આપનાર | | | | | |
| ૧.૦૦૦ | રામજીભાઇ નાનજીભાઇ<br>એ.કે.રોડ,સુરત<br>PANNO:ADGPV0288E | ૬૪ |  |  | |

દસ્તાવેજ લખી આપનાર આ દસ્તાવેજ લખી આપ્યાનું કબુલ કરે છે.

| SRT/3/NVG | | |
|---|---|---|
| 11667 | 19 | 20 |
| 2018 | | |

28/09/2018 3:22:32 pm Version 1.1.2018.7

1 ચિરાગભાઈ મનસુખભાઈ સાવલીયા
મોટા વરાછા,સુરત

2 મુકેશભાઈ મનસુખભાઈ મેંદપરા
મોટા વરાછા,સુરત

તેઓ કહે છે કે સદરહું લખી આપનારને તેઓ જાતે ઓળખે છે.
અને તેમની ઓળખાણ આપે છે.

૧. ______________

૨. M.M.Mendpara ______________

તારીખે ૨૮ માહે સપ્ટેમ્બર - ૨૦૧૮

C.T.Patel
સબ રજીસ્ટ્રાર
સુરત - 3 Navagam

બજાર કિંમત નક્કી કરવા અંગેનું
ફોર્મ નં. ૧ રજુ થયેલ છે.
તારીખ : ૨૮/૦૯/૨૦૧૮

C.T.Patel
સબ રજીસ્ટ્રાર
સુરત - 3 Navagam

નોંધણી સર નિરક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગરના તા.૨૨\૦૫\૨૦૧૫ ના પરિપત્ર ક્રમાંક : ઈજર/વહટ/૩૪૭/૨૦૧૪/૧૩૦૦૧ થી ૧૩૩૬૪ તથા તા.૧૧\૧૧\૨૦૧૬ ના પરિપત્ર ક્રમાંક : ઈજર/વહટ/૩૪૭/૨૦૧૪/૩૨૩૯૨ થી ૩૨૭૫૭ મુજબ લખી આપનાર નં ૧
ને દસ્તાવેજોની વિગતે સમજુત કર્યા અને ઓળખાણ આપનારાઓએ તેઓની ઓળખ ખાતરી આપતા રજીસ્ટ્રેશન એક્ટ -૧૯૦૮ ની કલમ -૩૪,૩૫,૫૮ અને ૫૯ હેઠળની કાર્યવાહી પુરી કરી.

C.T.Patel

"સબ રજીસ્ટ્રાર"

| SRT/3/NVG | | |
|---|---|---|
| 11667 | ૨૦ | ૨૦ |
| 2018 | | |

28/09/2018 4:59:10 pm Version 1.1.2018.7

ઇંકમટેક્ષ રૂલ્સ ૧૯૬૨ ની જોગવાઇ મુજબ (૧) પાન નં/ઇ.જ.ર. નંબર દર્શાવેલ છે. જે
ખરાઇ કરવામાં આવેલ છે.

આપનાર નંબર
લેનાર નંબર
સંમતી આપનાર નંબર

તારીખ : ૨૮/૦૯/૨૦૧૮

( C.T.Patel )
સબ રજીસ્ટ્રાર
સુરત - 3 Navagam

આ સાથે લેનાર , આપનાર તથા ઓળખાણ આપનારના ઓળખ
અંગેના પ્રમાણીત પુરાવા રજુ કરેલ છે.

તારીખ : ૨૮/૦૯/૨૦૧૮

( C.T.Patel )
સબ રજીસ્ટ્રાર
સુરત - 3 Navagam

૧ નંબરની બુકના ૧૧૬૬૭ નંબરે નોંધ્યો છે.

તારીખ : ૨૮/૦૯/૨૦૧૮

C.T.Patel
સબ રજીસ્ટ્રાર
સુરત - 3 Navagam

THE SEAL OF THE SUB REGISTRAR * SURAT-3, (NAVAGAM) * સબ રજીસ્ટ્રાર સુરત-૩ (નવાગામ) નો સિક્કો